# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/134 Dt. 13/09/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ટેક્ષ્ટાઇલના પ્રથમ રો મટિરિયલ પેરાઝાઇલિન, કેપ્રોલેકટમ, એમઇજી, પીટીએ, ડિઝોલ્વીંગ ગ્રેડ વુડ પલ્પ તથા નાયલોન અને પોલિએસ્ટર ચીપ ઉપર જીએસટી દર ૫ ટકા કરવાની રજૂઆત

## ચેમ્બરની સાથે ભારતભરના તમામ એમએમએફ ટેક્ષ્ટાઇલ એસોસીએશનોની નવી દિલ્હી ખાતે સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેકટ ટેક્ષીસ એન્ડ કસ્ટમ્સના ચેરમેનને રજૂઆત

## રૂપિયા ૨૫૦૦થી ઉપરના ગારમેન્ટ ઉપર સરકારે ૧૮ ટકા જીએસટી દર લગાવ્યો છે તેને પણ ઘટાડીને ૫ ટકા કરવાની રજૂઆત ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોએ કરી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી તથા ભારતભરના તમામ એમએમએફ ટેક્ષ્ટાઇલના એસોસીએશનોના પ્રતિનિધિઓએ શુક્રવાર, તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ નવી દિલ્હી ખાતે સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેકટ ટેક્ષીસ એન્ડ કસ્ટમ્સના ચેરમેન શ્રી સંજય અગ્રવાલને ટેક્ષ્ટાઇલના પ્રથમ રો મટિરિયલ ઉપરના ૧૮ ટકા જીએસટી દરને ઘટાડીને ૫ ટકા કરવાની રજૂઆત કરી હતી.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલના પ્રથમ રો મટિરિયલ પેરાઝાઇલિન, કેપ્રોલેકટમ, એમઇજી, પીટીએ, ડિઝોલ્વીગ ગ્રેડ વુડ પલ્પ તથા નાયલોન અને પોલિએસ્ટર ચીપ પરનો જીએસટી દર ૧૮ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવાની રજૂઆત નવી દિલ્હી ખાતે સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેકટ ટેક્ષીસ એન્ડ કસ્ટમ્સના ચેરમેન શ્રી સંજય અગ્રવાલને કરવામાં આવી હતી. ટેક્ષ્ટાઇલના પ્રથમ રો મટિરિયલ ઉપર ૧૮ ટકાનો જીએસટી દર ઉદ્યોગકારોને કેમ પોસાય નહીં અને તેની રોકાણ પર શું વિપરીત અસર પડી શકે છે તેની વિગતવાર રજૂઆત તેમની સમક્ષ કરવામાં આવી હતી.

આ ઉપરાંત, રૂપિયા ૨૫૦૦થી ઉપરના ગારમેન્ટ ઉપર સરકારે ૧૮ ટકા જીએસટી દર લગાવ્યો છે તેને પણ ઘટાડીને ૫ ટકા કરવાની રજૂઆત ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોએ કરી હતી. કારણ કે, ગારમેન્ટ ઉપર ૧૮ ટકાનો જીએસટી દર ગ્રાહકોને ખૂબ જ મોંઘો પડશે. આથી ગારમેન્ટ ઉપરથી ૧૮ ટકાનો જીએસટી દર કાઢીને ૫ ટકા કરવાની વિનંતી સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેકટ ટેક્ષીસ એન્ડ કસ્ટમ્સના ચેરમેન શ્રી સંજય અગ્રવાલને કરવામાં આવી હતી. શ્રી સંજય અગ્રવાલે તમામ ઉદ્યોગકારોને શાંતિપૂર્વક સાંભળ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત તા. ૯ સપ્ટેમ્બરના રોજ ચેમ્બર ઓફ કોમર્સની આગેવાનીમાં ઓનલાઇન મિટીંગ મળી હતી, જેમાં ભારતભરના તમામ એમએમએફ ટેક્ષ્ટાઇલના એસોસીએશનોના પ્રતિનિધિઓએ ટેક્ષ્ટાઇલના પ્રથમ રો મટિરિયલ ઉપર ૧૮ ટકા જીએસટી દર યથાવત રહેવાને કારણે મોટા પ્રમાણમાં ઇન્વર્ટેડ ડયૂટીમાં ભારતના તમામ સિન્થેટિક યાર્ન – સ્પિનર્સ આવી જતા હોવાથી આ ઉદ્યોગકારોની ખૂબ મોટા પ્રમાણમાં આઇટીસી ક્રેડિટ રિફંડ સરકારમાં જમા રહેવાની ભીતિ દર્શાવી હતી.